# SHREE VASISHTHA VIDHYALAYA, VAV.
## (Gujarati Medium/Bilingual Medium)

**"વિદ્યાલય બાળકોને અંદરથી પવિત્ર અને બહારથી ચરિત્ર ઘડીને ચારિત્ર્યવાન બનાવે છે."**

આત્મીય વાલીશ્રી,

આપણે સૌ આપણા બાળકોનું ઉત્તમ ચારિત્ર્ય નિર્માણ કરી શકીએ અને બાળકોમાં શ્રેષ્ઠ સંસ્કાર સાથે શિક્ષણ સંક્રાત થાય તે હેતુથી આપણી શાળામાં છેલ્લા છ વર્ષથી જીવન ઘડતરના પાયારૂપ બે ગુણો પ્રામાણિકતા અને સ્વયંશિસ્ત વિદ્યાર્થીઓમાં નિર્માણ થાય તે માટે નૈતિક મૂલ્યોને ઘડનારા VHI(Vasishtha's Honesty Index) અને VHC(Vasishtha's Honest Class) જેવા બે પ્રયોગો અમલમાં મૂકયાં છે. તેનાથી આપ વિદિત છો જ. આ બંને પ્રયોગોમાં ખૂબ સારી સફળતા મળી છે, આ પ્રયોગોને સફળ બનાવવા શિક્ષકશ્રીઓ અને વાલીશ્રીઓનો હકારાત્મક દ્રષ્ટિકોણ રહયો છે. વિદ્યાર્થીઓએ પણ પોતાનામાં સદ્ગુણો નિર્માણ થાય તે હેતુથી VHI ના કોર્નરમાંથી પ્રામાણિકતાથી વસ્તુ ખરીદતાં અને પૈસા મૂકતાં હતા, જેનો એવરેજ પ્રામાણિકતા સૂચકાંક વર્ષ 2014-15 માં 91.63 % , વર્ષ 2015 -2016 માં 95.52%, વર્ષ 2016-2017 માં 96.17% , વર્ષ 2017-18 માં 95.11 % વર્ષ 2022-2023 માં 93.76 % અને વર્ષ 2023 -2024 માં 94.26 % રહયો હતો.

VHC માં વિદ્યાર્થીઓ વિકલી ટેસ્ટ દરમિયાન કોઈપણ પ્રકારના સુપરવિઝન વગર અને કોઈપણ પ્રકારની ગેરરીતિ કર્યા વગર સ્વયંશિસ્ત જાળવી પ્રામાણિકતાથી પરીક્ષા આપતા રહયા હતાં.

આ બંને પ્રયોગો આજે આપણા માટે ગૌરવ રૂપ બની ચૂકયાં છે ત્યારે ફરી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધો.3 થી 9 નાં વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ ચારિત્ર્ય નિર્માણ કરનારા VHI અને VHC ના પ્રયોગો અમલમાં મૂકીએ છીએ ત્યારે આપ આપના પાલ્યમાં આ ઉત્તમ ગુણો દૃઢ બને તે માટે સાથ સહકાર આપશો એવી અભ્યર્થના સહ...

- **ઉત્તમ સંસ્કાર સાથે ઉત્તમ શિક્ષણનું વાવેતર એટલે શ્રી વસિષ્ઠ વિદ્યાલયના વિશિષ્ટ પ્રયોગો...**

(1) Vasishtha's Honesty Index (VHI)  (2) Vasishtha's Honest Class (VHC)

## 1. Vasishtha's Honesty Index (VHI)

આ પ્રયોગમાં શાળામાં વિદ્યાર્થીઓને ઉપયોગી એવી સ્ટેશનરીનું કોર્નર રાખવામાં આવશે, જયાં રાખવામાં આવેલી સ્ટેશનરીનું Prize List (ભાવપત્રક) રાખેલ હશે.જયાં દરરોજ વાર મુજબ જુદાં જુદાં વર્ગના વિદ્યાર્થીઓને મોકલવામાં આવશે.વિદ્યાર્થીને કોઇ વસ્તુ જેમ કે પેન્સિલની જરૂર છે તો તે વિદ્યાર્થી ભાવપત્રકમાં એક પેન્સિલના જે રૂપિયા લખેલા હોય તે રૂપિયા Honesty Box માં મૂકીને એક પેન્સિલ કોર્નરમાંથી લઇ લેશે.

P.T.O.

ખૂબ જ મહત્ત્વની બાબત એ છે કે આ કોર્નરની આજુબાજુ શાળાના કોઇપણ કર્મચારીની હાજરી નહીં હોય. આથી કોઇ વિદ્યાર્થી વસ્તુના બદલામાં જે તે રૂપિયા Honesty Box માં મૂકે અથવા ન પણ મૂકે એવું બની શકે. હવે દરરોજ સાંજે આ Honesty Box માં મૂકવામાં આવેલા રૂપિયાની ગણતરી થાય અને સામે વિદ્યાર્થીઓ કેટલી વસ્તુ અને કેટલા રૂપિયાની વસ્તુ લઇ ગયા તેની ગણતરી થાય. જેમાં વસ્તુનાં પ્રમાણમાં રૂપિયા વધારે તો નહીં પરંતુ ઓછા અથવા પૂરતાં નીકળી શકે છે. જેમકે ધારો કે 100 રૂપિયાની વસ્તુ વિદ્યાર્થીઓ લઇ ગયા અને Honesty Box માંથી જો 100 રૂપિયા નીકળે તો જે વર્ગના વિદ્યાર્થી કોર્નર ઉપર ગયા હોય તે વર્ગમાં Honesty Index 100% કહેવાય એટલે કે તે વર્ગમાં વિદ્યાર્થીઓ 100% પ્રામાણિક કહેવાય પરંતુ જો 100 રૂપિયાની વસ્તુ સામે 90 રૂપિયા Honesty Box માંથી નીકળ્યા હોય તો જે તે વર્ગના વિદ્યાર્થીઓની પ્રામાણિકતા 90% કહેવાય,હવે આ દરેક બાબતોની ચર્ચા બીજા દિવસે પ્રાર્થનાસભામાં કરવામાં આવશે અને વિદ્યાર્થીઓનો Honesty Index જાહેર કરવામાં આવશે અને વર્ષાન્તે જે વર્ગના વિદ્યાર્થીઓનો સરેરાશ Honesty Index વધારે હોય તેવા વર્ગના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે.

કોર્નરમાં રાખવામાં આવેલી સ્ટેશનરીની કિંમત જે પડતર કિંમત હોય તે જ કિંમત રાખવામાં આવશે અને જે તે દિવસે જે વર્ગના વિદ્યાર્થીઓનો વારો હોય તે દરેક વિદ્યાર્થીએ જરૂરિયાત ન હોય તો સ્ટેશનરી લેવાની જરૂર નથી. અમારો હેતુ કેટલા વધારે રૂપિયા Honesty Box માં એકઠા થાય એ નથી જ પરંતુ બાળકોની પ્રામાણિકતા વધારવાનો છે.

## 2. Vasishtha's Honest Class (VHC)

આ પ્રયોગમાં વર્ગશિક્ષકોએ પસંદ કરેલ દરેક ધોરણમાં એક-એક વર્ગ એવો બનાવવામાં આવશે કે જેમાં જયારે પણ શાળામાં વિકલી ટેસ્ટ હોય તેમાં કોઇપણ પ્રકારનાં સુપરવિઝન વગર, કોઇપણની સીધી દેખરેખ વગર વિદ્યાર્થીઓ જાતે કોઇપણ પ્રકારની ગેરરીતિ કર્યા વગર બીજા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કર્યા વગર પ્રામાણિકતાથી પરીક્ષા આપતાં હોય છે.

મિત્રો આ પ્રયોગ અમો અગાઉ વર્ષમાં કરી ચૂકયાં છીએ, જેના ખૂબ જ સારા પરિણામો જોવા મળ્યાં છે. આથી નાનપણથી જો વિદ્યાર્થીઓને સ્વયં શિસ્તમાં રહીને પરીક્ષા આપવાની આદત કેળવાય તો તે વિદ્યાર્થી ભવિષ્યમાં કોઇપણ પ્રકારની ગેરરીતિ કરતાં અટકશે અને પોતાની મહેનતથી પોતાના ભવિષ્યનું ઘડતર કરશે.

આથી ચાલુ વર્ષે પણ ધોરણ મુજબ એક-એક વર્ગને Honest Class તરીકે રાખીશું

તો ચાલો વાલી મિત્રો,આપણા સૌના સહિયારા પ્રયત્નોથી આપણા બાળકોમાં નૈતિક મૂલ્યો વિકસે તેવા પ્રામાણિકતાપૂર્વક પ્રયત્નો કરીએ...

આચાર્યશ્રી

વાલીશ્રીની સહી:- __________

શ્રી વસિષ્ઠ વિદ્યાલય,વાવ.(ગુ.મા.)